ગાંધીનગર સમાચાર

સે-૨૩ પાસે બાવાએ યુવાનને ફુલ સુંઘાડીને વીંટી સેરવી લીધી

# સિટી સ્કેન મશીન શરૂ થવાની રાહ જોતા દર્દીઓ

ગાંધીનગર, તા.૧૮

રાજયના પાટનગર ગાંધીનગરની હોસ્પિટલની હાલત અત્યંત દયનીય સાબિત થઈ રહી છે. છેલ્લા ૧૦ માસથી બંધ સીટી સ્કેન મશીન કયારે શરૂ થશે તેની જાણ ખુદ સિવિલના સતાધિશોને પણ નથી. ગત વર્ષ-૨૦૧૬માં માત્ર જાન્યુઆરી અને ફેબુઆરીમાં કાર્યરત સીટીસ્કેન મશીનનો ૪૬૯ દર્દીઓએ લાભ લીધો છે. જયારે ત્યારબાદ બંધ પડેલા મશીનને પગલે દર્દીઓને અમદાવાદ રીફર કરવામાં આવે છે તેમજ ખાનગી દવાખાનામાં સીટીસ્કેન કરાવવું પડે છે. ત્યારે જિલ્લાની ગરીબ પ્રજા માટે આશિર્વાદરૂપ સીટીસ્કેન મશીન સત્વરે આવે તેવું દર્દીઓ ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. જિલ્લા અને આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં દર્દીઓ આવતા હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે. પાંચ માળની ઓપીડી બિલ્ડીંગ અને આઠ માળની ઈન્ડોર દર્દી રાખવાની ઈમારતમાં આધુનિક સુવિધા ઉભી કરવામાં આવી છે. સિવિલમાં મળતી માળખાકીય સુવિધામાં વધારો કરવામાં આવ્યો છે. પરંતુ હોસ્પિટલમાં છેલ્લા દસ માસથી વધુના સમયથી બંધ રહેલા સીટીસ્કેન મશીન કયારે શરુ થશે તે કોઈ પણ સિવિલના સતાધિશ કહી શકતા નથી. ત્યારે માથાના ભાગે ઈજા પામેલા દર્દીઓને માત્ર ને માત્ર સીટીસ્કેન માટે જ અમદાવાદ રીફર કરવામાં આવે છે અથવા દર્દીઓને ખાનગીમાં સીટી સ્કેન કરાવાની ફરજ પડે છે. ત્યારે હોસ્પિટલના આધુનિક લુક આપવા માટે સરકાર દ્વારા કરોડો રૂપીયા ખર્ચ કરવામાં આવ્યો છે. રાજય સરકાર દ્વારા પ્રજાજનો માટે વિવિધ આરોગ્યલક્ષી યોજના બહાર પાડવામાં આવે છે. ત્યારે આરોગ્ય તંત્રની આંખ સામે આવેલ અને વીવીઆઈપીઓ જ્યાં સારવાર માટે આવે છે તે ગાંધીનગર સિવિલમાં સીટીસ્કેન મશીન બંધ હાલતમાં છે તે નવાઈની વાત છે. વર્ષ-૨૦૧૬માં માત્ર બે મહિના ચાલુ રહેલા સીટી સ્કેન મશીનનો લાભ ૪૬૯ દર્દીઓએ લીધો હતો. જેમા જાન્યુઆરી માસમાં ૩૨૧ અને ફેબુઆરીમાં મશીન બગડ્યુ ત્યાં સુધીમાં ૧૪૮ દર્દીઓએ લાભ લીધો હતો. દર મહિને કેટલાય દર્દીઓને સીટી સ્કેનની જરૂર પડે છે ત્યારે આ સેવા બંધ રહેવાથી દર્દીઓને ભારે હાલાકી ભોગવવી પડે છે. ત્યારે પાટનગરની સિવિલ હોસ્પિટલમાં આ હાલત છે તો અન્ય જિલ્લાઓની હોસ્પિટલની વાત જ શું કરવી... ગાંધીનગર હોસ્પિટલમાં છેલ્લા ઘણા સમયથી બંધ સીટીસ્કેન મશીન સત્વરે કાર્યરત થાય તેમ દર્દીઓ ઈચ્છી રહ્યા છે.



પ.પૂ. બુધ્ધિસાગર સૂરીશ્વરજી સમુદાયના સાધ્વીજી ભગવંતશ્રી સૂર્યલતાજી મ.સા.સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. તેઓની પાલખીયાત્રામાં જૈન સાધુ ભગવંતો અને શ્રાવકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

## ...કારમાં આવેલા ચાર શખ્સોએ આગળ જતી કારને આંતરીને ચાલકને ઢોર માર માર્યો

**શેરથા પાસે હાઈવે પર બનેલી ઘટના : કલોલથી કાર લઈને નીકળેલા યુવાન પર ભેદી હુમલો : સોનાની ચેઈન અને રૂ. ૨૫૦૦ રોકડા ઝપાઝપીમાં પડી ગયા**

ગાંધીનગર, તા.૧૮

કલોલ ખાતે રહેતો એક યુવાન પોતાની કાર લઈનેશેરથા માર્ગપરથી પસાર થઈ રહ્યો હતો તે દરમિયાન પાછળથી આવેલી એક કારમાંસવાર ચાર શખ્સોએ તેની કાર આંતરીને ઉભી કરાવી દીધી હતી. ધોકા અને હોકી લઈને ઉતરેલા ચાર શખ્સોએ કલોલના યુવાન પર ભેદી રીતે હુમલો કર્યો હતો અને પળવારમાં ફરાર થઈ ગયા હતા. ઝપાઝપીમાં તેનો સોનાનો ચેઈન અને રૂપિયા પણ પડી ગયા હતા. અડાલજ પોલીસે યુવાનની ફરિયાદ લઈ હુમલાખોરો સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

કલોલની વખારીયાનગર સોસાયટીમાં રહેતા સુરેશભાઈ પ્રહલાદભાઈ ત્રિવેદી તેમની ગાડી લઈને શેરથા હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા. પાછળથી સફેદ ગાડીમાં આવેલા ચાર અજાણ્યા શખ્સોએ સુરેશભાઈની ગાડી આંતરીને ગાડી ઉભી રખાવી દીધી હતી. ગાડીમાંથી સુરેશભાઈને ઉતારીને ચારેય શખ્સો ધોકા અને હોકી લઈને તેની પર ફરી વળ્યા હતા અને ઢોર માર મારીને ત્યાંથી ફરાર થઈ ગયા હતાં. હુમલાખોરો કોણ હતું અને કેમ હુમલો કર્યો હતો તે બાબત હજુ રહસ્ય છે. સુરેશભાઈએ આ મામલે અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે આઈપીસી ૩૨૩, ૩૨૫, ૪૦૩ અને ૧૧૪ મુજબ ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે. સુરેશ ત્રિવેદીએ નોંધાવેલી ફરિયાદમાં ઉલ્લેખ છે કે બે તોલા સોનાની ચેઈન અને રૂ.૨ ૫૦૦ રોકડા પણ ઝપાઝપી દરમિયાન ગાયબ થઈ ગયા હતા. પોલીસે તે અંગે પણ તપાસ શરુ કરી છે.

## ઘ-૬ સર્કલ નજીક પૂર્વ ધારાસભ્યની ગાડી ડીવાઈડર પર ચઢી ગઈ...!

ગાંધીનગર, તા.૧૮

માણસાના પુર્વ ધારાસભ્ય બાબુજી ઠાકોર આજે સવારના અરસામાં



તેમની હોન્ડા અમેઝ ગાડી લઈને ઘ માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન અચાનક તેમની ગાડીને આડે રીક્ષા આવતા તેમણે સ્ટીયરીંગ ફેરવી દીધું હતું. સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવી દેતા ગાડી ઘ-૬ સર્કલ નજીક ડીવાઈડર ઉપર ચઢી ગઈ હતી. ગાડીમાં બાબુજી ઉપરાંત એક યુવાન હતો. જો કે બંનમાંથી કોઈને સદભાગ્યે ગંભીર ઈજા કે જાનહાની થવા પામી ન હોવાથી પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

@ગાંધીનગર

● વૈજનાથ મહિલા મંડળ દ્વારા આનંદનો ગરબો ગીતાબા વાઘેલા પ્લોટ નં. ૧૯/૨, સે-૩-એ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

## લાયન્સ કલબના સભ્યોએ રાહેલબા વૃધ્ધાશ્રમના વડીલોની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૮

લાયન્સ કલબ દ્વારા સો વર્ષની ઉજવણીના ભાગરુપે ચાલી રહેલા સેવા સપ્તાહ દરમિયાન મગોડી ખાતે આવેલ રાહેલબા વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. લાયન શૈલેષ પટેલે વડીલોને જરુરી અનાજની કીટનું વિતરણ કર્યુ હતું. ત્યારે વૃધ્ધાશ્રમના વડીલોએ સુંદર ભજનો ગાઈને લાયન્સના સભ્યોને આનંદિત કરી દીધા હતા. તમામ વડીલોને ધાર્મિક પુસ્તકો આપવામાં આવ્યા હતા. લાયન્સ પરિવાર દ્વારા કરવામાં આવતી સેવાને બિરદાવી હતી અને હાજર સૌ સભ્યોનોં વડીલોએ આભાર વ્યકત કર્યો હતો. સંસ્થામાં નિસ્વાર્થ સેવા કરતા નિર્મલાબાએ લાયન્સના સભ્યો રઘુસિંહ ગોલ, કે.વી. પ્રજાપતિ, પદમસિંહ ચૌહાણ, મોહનભાઈ પરમાર, શૌલેષભાઈ સહિતના આશિર્વાદ આપ્યા હતા. વડીલોને કચરીયું ખવડાવી મોં મીઠું કરાવી, લાયન સભ્યોએ સુખી સ્વસ્થ જીવન માટે પ્રાર્થના કરી હતી.

### જશ્ન ગ્યારહવી શરીફનો કાર્યક્રમ યોજાશે

આશિકે રસુલ સુન્ની મુસ્લિમ ટ્રસ્ટ દ્વારા ગાંધીનગર શહેરમાં વસવાટ કરતા તમામ મુસ્લિમ બિરાદરો માટે આગામી તા.૨૨ જાન્યુઆરીને રવિવારના રોજ સવારે ૯ કલાકે જશ્ને ગયારહવી શરીફ નો કાર્યક્રમ સેકટર-૩ સી નવરાત્રી ચોક રીંગ રોડ, કોમન ચોક ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરોને ઉપસ્થિત રહેવા આશિકે રસુલ સુન્ની મુસ્લિમ ટ્રસ્ટ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ કર્મચારી મંડળના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ કર્મચારી એસોશીએશનના વર્ષ-૨૦૧૭ હોદેદારોની વરણી માટે આજ રોજ વડી કચેરી સેકટર-૧૦ ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બોર્ડમાં ફરજ બજાવતા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં સર્વસમંતિથી પ્રમુખ તરીકે વિજયસિંહ વાઘેલા, મહામંત્રી તરીકે ભીમસિંહ વાઘેલા, ઉપપ્રમુખ કે.કે.લકુમ, જે.બી.ચૌહાણ, સહમંત્રી તરીકે આર.આર.ઠક્કર, કચુભાઈ. આર. પટેલ, સંગઠન મંત્રી તરીકે કામીનીબેન પંડયા, ખજાનચી તરીકે એ.કે.ગવલી, ઓડીટર તરીકે આર.ડી.પાટીલ, સલાહકાર તરીકે પી.પી.ચૌહાણ, અને એ.એન.ડામોરની સર્વાનુમતે વરણી કરાઈ છે. આ પ્રસંગે કર્મચારી એસોસિએશના નવનિયુકત પ્રમુખ વિજયસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે મંડળ દ્વારા કર્મચારીઓના સાતમા પગાર પંચના મુદે તેમજ વર્ષોથી કર્મચારીઓની પડતરી માંગણીઓ છે તે મુદે લડત આપવામાં આવશે અને કર્મચારીઓના હિતમાં કામગીરી કરવામાં આવશે.

## સે-૨૩ પાસે બાવાએ યુવાનને ફુલ સુંઘાડીને વીંટી સેરવી લીધી

**સે-૨૩ પાસે વેગનઆરમાં આવેલા બે બાવાએ યુવાનને રસ્તો પુછીને વિશ્વાસમાં લીધો ને પછી બંને બાવા ફુલ સુંઘાડીને વીંટી લઈ રફ્ફુચક્કર થઈ ગયા**

ગાંધીનગર, તા.૧૮

શહેરના સે-૨૩ કડી સ્કુલ નજીકથી ચાલતા જઈ રહેલા એક યુવાનને ઘ રોડ પરથી વેગનઆરમાં નિકળેલા બે બાવાઓએ ઉભો રાખી રસ્તો પુછયો હતો. યુવાને રસ્તો બતાવ્યો એટલે બાવાએ કહ્યું 'બાબા કો તુમને રાસ્તા દિખાયા હૈ, બાબા ભી તુમકો રાસ્તા દિખાયેગા' કહીને એક ફુલ સુંઘવા માટે આપ્યું! યુવાન ફુલ સુંઘતા જ અર્ધબેભાન થઈ ગયો હતો અને બંને બાવાએ યુવાનની સોનાની વીંટી સેરવી લઈ વેગનઆરમાં રફ્ફુચક્કર થઈ ગયા હતાં. યુવાનની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ શહેરના સે-૨૬ પ્લોટ નં. ૩૬૫/૧ ખાતે રહેતો યુવાન પ્રિતેશ પ્રવિણભાઈ પટેલ સે-૨૩માં કડી સ્કુલ નજીકથી ચાલતા પસાર થઈ રહ્યો હતો. ઘ માર્ગ પરથી ગ્રે કલરની વેગનઆર ગાડી આવી જેમાં બે બાવાઓ બેઠા હતા. ગાડી બ્રેક મારીને પ્રિતેશ પટેલને તેમણે રસ્તો પુછયો એટલે પ્રિતેશે રસ્તો બતાવ્યો ત્યારબાદ એક બાવાએ કહ્યું કે 'બાબા કો તુમને રાસ્તા દિખાયા હૈ, બાબા બી તુમ કો રાસ્તા દિખાયેગા' તેમ કહીને એક બાબાએ ફુલ આપી સુંઘવા માટે કહ્યું. પ્રિતેશે ફુલ સુંઘ્યુ એટલામાં તેના હોશ ઉડી ગયા! અર્ધબેભાન થઈ ગયેલા પ્રિતેશના હાથમાં સોનાની વીંટી હતી આ વીંટી આંચકી લઈ બંને બાવાઓ વેગનઆરમાં ફરાર થઈ ગયા હતા. પ્રિતેશ હોશમાં આવ્યો ત્યારે તેના હાથની આંગળીમાંથી વીંટી ગાયબ હતી. આ મામલે થોડા દિવસો બાદ પ્રિતેશ પટેલે સે-૨૧ પોલીસ સ્ટેશને જઈ ફરિયાદ આપતા ગઈ કાલે પીએસઆઈ બી.જી. યાદવે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.




ગાંધીનગર લાયોનેસ કલબ દ્વારા સે-૩૦ની સરકારી શાળામાં જરૂરિયાતમંદ બાળકોને સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. બીનાબેન ગજ્જર તથા લાયોનેસ પરમજીત છાબડાના સહયોગથી બાળકોને ઠંડીમાં રક્ષણ મળે તે હેતુથી સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પ્રમુખ દેવલેબન જોષી સેકેટરી મીતલ રાણા, પરમજીત છાબડા હાજર રહ્યા હતા.

# પારકાને પોતાના કરવાની કળા એટલે અનુવાદ કળા

**પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ સે-૭ ખાતે 'અનુવાદ કલા કે શાસ્ત્ર' પર સેમિનાર યોજાયો**

ગાંધીનગર, તા.૧૮

પારકાને પોતાના કરવાની કળા એટલે અનુવાદ કળા. પારકાંને શબ્દોથી પોતાના કરવા માટે અનુવાદ કળા એ આજે ગ્લોબલાઈઝ થતા વિશ્વને એક તાંતણામાં બાંધવાનું કાર્ય પુરું પાડી રહી છે ત્યારે પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ સે-૭ ખાતે બુધવારે તા. ૧૮મી ના રોજ 'અનુવાદ કલા કે શાસ્ત્ર' વિષય ઉપર રાજયકક્ષાના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના સભાખંડમાં સર્વધર્મ પ્રાર્થના તેમજ દિપ પ્રાગટયથી સેમિનારથી શરૂઆત થઈ હતી. સેમિનાર કુલ ત્રણ બેઠકમાં યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ બેઠકમાં ઉદઘાટક, બીજરૂપ વકતવ્ય આપનાર લેખક, વિવેચક, વાર્તાકાર, અનુવાદક ડૉ. સુમન શાહ તથા વિશેષ અતિથિ તરીકે ડૉ. કેશુભાઈ તથા ખાસ અતિથિમાં અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરીભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા અને પ્રથમ સોપાન સફળ રીતે પૂર્ણ કર્યુ હતું. જયારે દ્વિતિય બેઠકમાં અનુવાદ કલાનું મહત્વ સમજાવતા ડૉ. બાલાજી રંગનાથન તેમજ અરૂણાબા જાડેજાએ અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, મરાઠી વગેરેમાં પણ અનુવાદની ભિન્ન-ભિન્ન લાક્ષણિકતાઓ પર ભાર મુકી તેનું ઊંડાણ પૂર્વક શબ્દાસહ અનુવાદ ન થાય તો કેવી તકલીફો પડે અને ભાવાનુવાદ કેટલું જરૂરી છે તેની ઊંડી સમજણ આપી હતી. જયારે અંતિમ ચરણ એટલે કે તૃતીય બેઠકમાં ડૉ. કનૈયાલાલ ભટ્ટ તેમજ હાર્દિક જેલમ દ્વારા આ વિષય ઉપર ઊંડો પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આશરે ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ તેનો લાભ લઈ તેની સ્પષ્ટ અને ઊંડી સમજણ પ્રાપ્ત કરી હતી. આ સેમિનારમાં કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન પણ ઉપસ્થિત રહ્યા હતા. જેઓ શાબ્દીક સ્વાગત દરમિયાન ભાવવિભોર બની ગયા હતા. સમગ્ર સંચાલન ત્રણ ભાગમાં વહેંચીને તેને સફળ બનાવવા ડૉ. લીના સ્વાદિયા, પ્રા. ગીતાબેન ચૌધરી, ડૉ. નરેન્દ્રભાઈ પટેલે જહેમત ઉઠાવી હતી જયારે ત્રણેય બેઠકના અંતે પ્રા. ગીતાબેન ચૌધરી, પ્રા. ભરતસિંહ રાવ, પ્રા. મુન્નાબેન ચૌધરી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.






● **મધુકરભાઈ ચૌધરી**

- વકતૃત્વ શકિત કુદરતી કળા છે જો મને પૂછવામાં આવે તો અનુવાદ એ કળા છે જેમાં ભાવાનુવાદ જરૂરી છે.

● **કેશુભાઈ દેસાઈ**

- કળા અને શાસ્ત્રનો સમન્વય એટલે અનુવાદ.
- વિશ્વની મહાન વિભૂતીઓ વિશે જાણતા માત્ર અનુવાદથી જ થયા છીએ.
- અનુવાદ કરવું એટલે પરકાયા પ્રવેશ કરવા જેટલું અઘરું કાર્ય.
- આત્મસાત કરીને પગલે-પગલું દબાવી અનુવાદ કરવું પડે તો જ આસ્વાદ મળી શકે.
- આપણી ભાષાનો મહિમા જો આપણે ભૂલ્યા તો આપણે આપણી ઓળખ ગુમાવી દઈશું.
- સર્જક સર્જકની ચેતનાનો અનુવાદ કરતો હોય છે.

● **અરુણાબા જાડેજા**

- પારકાને પોતાના કરવાની કળા એટલે અનુવાદ કળા.
- લથપથ ઘીમાં વધુ પડતા દૂધમાં શેકાયેલા શીરા જેવું હોવું જોઈએ જે શીરાની જેમ ઉતરી જાય.
- ભાર વાહન કરનારો કુલી એટલે અનુવાદક કે જેને માત્ર સાર સંભાળ કરવાની છે.
- હોઠે ચડેલા-કાને પડેલા અને રોજીંદા જીવનમાં વપરાતા શબ્દો જ અનુવાદમાં વાપરવા જોઈએ.
- અનુવાદક ખણખોદકીયો અને સંશોધક હોવો જરૂરી છે.
- અનુવાદમાં સૌથી અઘરું અનુવાદ હાસ્યલેખોનું છે.

## ઈસનપુર મોટા ગામે કૂતરાઓ માટે લાડુ બનાવ્યા

ગાંધીનગર, તા.૧૮

ઈસનપુર મોટા ગામે કલ્યાણ સેવા ટ્રસ્ટ પશુ-પક્ષી માટે વિવિધ સેવાકીય પ્રવૃત્તિમાં તત્પર રહે છે ત્યારે તાજેતરમાં જ ઉત્તરાયણના પર્વ નિમિત્તે ઘાયલ પક્ષીઓની સારવાર કરવી, કૂતરાઓ માટે ચોખ્ખા ઘીના લાડુ બનાવવાની પ્રવૃત્તિ હાથ ધરી હતી. શ્વાન માટે ૮૦ કિલો લોટ, ૨૪ કિલો ચોખ્ખું ઘી તેમજ ગોળનો ઉપયોગ કરી આખા ગામના કૂતરાઓને લાડુનું મિષ્ટાન આપવામાં આવ્યું હતું. ટ્રસ્ટી ગોવિંદભાઈ પટેલ તથા રમેશભાઈ પટેલે જણાવ્યું હતું કે આગામી દિવસોમાં વિવિધ સમાજ ઉપયોગી સેવા પ્રવૃત્તિ હાથ ધરાશે.

## રામ સેવા ટ્રસ્ટ આયોજીત દેશ ભકિતના ગીતોની સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૧૮

રામ સેવા ટ્રસ્ટ દ્વારા સે-૩-ડીમાં ૨૬મી જાન્યુઆરીના દિવસે દેશ ભકિતના ગીતોની હરિફાઈ રાખવામાં આવેલ છે. જેમાં ઉંમર ૫થી ૧૫ વર્ષ ૧૬ થી ૨૫ વર્ષ અને ૨૬ વર્ષથી ઉપરના ભાઈ-બહેનો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. જે તા. ૨૧મી સુધીમાં પોતાના નામ રામ સેવા ટ્રસ્ટ, સે-૩-ડી ખજાનચી આર.સી. પરમારને મો. ૯૭૨૩૮૩૩૦૫૭ દ્વારા નોંધાવી શકશે. એન્ટ્રી વહેલા તે પહેલાના ધોરણે રહેશે ત્યારબાદ એન્ટ્રી સ્વિકારવામાં આવશે નહિ. એન્ટ્રી પેટે રૂ. ૨૦ ફી રાખેલ છે તેની ખાસ નોંધ લેવી. સાંજે ૫.૩૦ થી ૭.૦૦ કલાક સુધી મંદિરમાં પણ નામ નોંધાવી શકાશે જેની નોંધ ભાગ લેવા ઈચ્છતા તમામ ભાઈ બહેનોને લેવા વિનંતી છે.

### ચિરવિદાય

- સ્વ. મોનાજી મોહનજી ઠાકોર, ઉ.વ. ૯૦
- સ્વ. સંતોકબેન ચંદુજી ઠાકોર, ઉ.વ. ૬૬
- સ્વ. વસંતબા બળવંતસિંહ ચુડાસમા, ઉ.વ. ૮૩
- સ્વ. અજીતસિંહ નેપુભા વાઘેલા, ઉ.વ. ૬૩
- સ્વ. નારાયણભાઈ સુરસંગભાઈ ચૌહાણ, ઉ.વ. ૪૨
- સ્વ. પીકાબા કેશરીસિંહ રાઠોડ, ઉ.વ. ૮૦